# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું, કેન્દ્ર સરકાર માળખાગત વિકાસ પર ભાર મૂકી રહી છે.

2) કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, અમેરિકામાં કૃષિ ઉત્પાદનોની સસ્તી નિકાસ માટે ભારતીય કૃષિ બજારના દરવાજા ખોલવાના પ્રયાસને નિષ્ફળ બનાવાયો.

3) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતના ભાવનગર અને અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

4) દેશભરમાં વિવિધ કેન્દ્રો પર આજે NEET-PG 2025 પરીક્ષા યોજાશે.

5) ભારતના મુરલી શ્રીશંકરે કઝાકિસ્તાનમાં કોસાનોવે મેમોરિયલ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની પુરુષોની લાંબી કૂદ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GADKARI-INFRA-LED-ECONOMY

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકાર માળખાગત વિકાસ પર ભાર મૂકી રહી છે. આંધ્રપ્રદેશના મંગલાગિરીમાં 27 માર્ગ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને પાંચ હજાર 233 કરોડ રૂપિયાના બે પૂર્ણ થયેલા પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરતાં તેમણે કહ્યું, NHAI હેઠળના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની લંબાઈ 120 ટકાથી વધીને 2025માં આઠ હજાર 700 કિલોમીટર થઈ છે.

## (બાઈટ: નિતિન ગડકરી)

# BIHAR-SHIVRAJ-FARMERS-INTEREST

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, અમેરિકા જેવા દેશોમાં કૃષિ ઉત્પાદનોની સસ્તી નિકાસ માટે ભારતીય કૃષિ બજારના દરવાજા ખોલવાના પ્રયાસને નિષ્ફળ બનાવી દેવાયો છે. બિહારના પટણામાં ખેડૂતો સાથે સંવાદ કરતા તેમણે કહ્યું કે જો ભારતનું કૃષિ બજાર સસ્તી નિકાસ માટે ખોલાશે તો ભારતીય ખેડૂતોને નુકસાન થશે.

## (બાઈટ: શિવરાજસિંહ)

શ્રી ચૌહાણે કહ્યું કે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને તેને કોઈ રોકી શકશે નહીં.

# GUJ-ASHWINI-VAISHNAW

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ગુજરાતના ભાવનગર અને અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ રીવા અને પુણે તથા જબલપુર અને રાયપુર વચ્ચેની ટ્રેનોને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને નીમુ બેન બાંભણિયા પણ આ કાર્યક્રમમાં જોડાશે.

શ્રી વૈષ્ણવ ગુજરાતના એક દિવસના પ્રવાસે છે. તેઓ APPC કન્ટેનર યાર્ડની મુલાકાત લેશે અને ભાવનગરમાં વિકસિત ભારત સંવાદ હેઠળ જાહેર સભાને સંબોધિત કરશે.

# FISHERIES-MINISTER

કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ અને પશુપાલન મંત્રી રાજીવ રંજન સિંહે કોલકાતા ખાતે એક કાર્યક્રમમાં જણાવ્યું કે ભારત વિશ્વમાં મત્સ્ય ઉત્પાદનમાં બીજા ક્રમે પહોંચ્યું છે. તેમણે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને છત્તીસગઢના પ્રતિનિધિઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં મત્સ્ય ઉત્પાદન વધારવા અને આ ક્ષેત્રમાં આવતી અડચણો દૂર કરવા સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. બેઠકમાં પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ અને અન્ય વિવિધ યોજનાઓ પર પણ ચર્ચા કરાઈ હતી.

# MORN-REMUNERATION-BLOS

ચૂંટણી પંચે બૂથ લેવલ ઓફિસરોનું મહેનતાણું બમણું કર્યું છે. એક નિવેદનમાં, ચૂંટણી પંચે જણાવ્યુ કે, સુધારેલા માળખા મુજબ, BLOનું વાર્ષિક મહેનતાણું છ હજાર રૂપિયાથી બમણું કરીને 12 હજાર રૂપિયા કરાયું છે. મતદાર યાદીઓની સુધારણા માટે BLOને પ્રોત્સાહનની રકમ એક હજારથી વધારીને બે હજાર રૂપિયા કરાઇ છે. મતદાર યાદીની તૈયારી પ્રક્રિયાની દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા BLO સુપરવાઇઝરોને હવે વાર્ષિક 18 હજાર રૂપિયા મળશે.

ચૂંટણી પંચે પહેલીવાર ચૂંટણી નોંધણી અધિકારીઓ–ERO અને સહાયક ચૂંટણી નોંધણી અધિકારી- AEROને માનદ વેતન આપવાનું શરૂ કર્યું છે. EROને 30 હજાર રૂપિયા, જ્યારે AEROને 25 હજાર રૂપિયા માનદ વેતન મળશે.

ચૂંટણી પંચે બિહારથી શરૂ થતા ખાસ સઘન નિરીક્ષણ સુધારા-SIR માટે BLOને છ હજાર રૂપિયાના ખાસ પ્રોત્સાહનને પણ મંજૂરી આપી છે.

# FOOD SEFTY

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ આયુષ મંત્રાલય સાથે પરામર્શ કરીને આયુર્વેદ આહારની શ્રેણી હેઠળ આયુર્વેદિક ખોરાકની તૈયારીઓની ચોક્કસ યાદી પ્રસિધ્ધ કરી છે. વર્ષ 2022માં ખાદ્ય સુરક્ષા અને ધોરણોના નિયમોની રજૂઆત બાદ આ પગલું ભરવામાં આવ્યું છે.

આ નિયમો અધિકૃત આયુર્વેદિક ગ્રંથોમાંથી વાનગીઓ, ઘટકો અને પ્રક્રિયાઓ પર આધારિત ખોરાકને માન્યતા આપે છે અને નવી યાદી ગ્રાહકો અને વ્યવસાયો માટે સમાન રીતે સ્પષ્ટતા અને વિશ્વાસ ઉભો કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NEET EXAM

દેશભરમાં વિવિધ કેન્દ્રો ખાતે આજે NEET-PG 2025 પરીક્ષા યોજાશે. આ પરીક્ષા એક જ શિફ્ટમાં યોજાશે. લગભગ 2.5 લાખ મેડિકલ સ્નાતકોએ આ પરીક્ષા માટે નોંધણી કરાવી છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સ દ્વારા MD અને MS સહિત અન્ય અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કમ્પ્યુટર આધારિત પરીક્ષા લેવાશે.

ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવાનો સમય સવારે સાત વાગ્યાથી 8:30 વાગ્યાનો રખાયો છે.

# AID-TO-GAZA

જોર્ડન, ઇજિપ્ત, જર્મની, સંયુક્ત આરબ અમીરાત, ફ્રાન્સ અને સ્પેન સહિત અનેક દેશોએ સંયુક્ત રીતે ગાઝામાં રાહત સહાય પહોંચાડી છે. ઇઝરાયલના સંરક્ષણ દળોએ અહેવાલ આપ્યો કે, 126 સહાય પેકેજો ગાઝા પોહંચાડાયા છે.

પહેલી વાર જર્મની, સ્પેન અને ફ્રાન્સ માનવતાવાદી સહાય પૂરી પાડવામા જોડાયા હતા. જોર્ડનના સશસ્ત્ર દળોએ પણ ગાઝામાં ખોરાક અને બાળકોની જરૂરિયાતની વસ્તુઓ સહિત 57 ટન સહાય મોક્લી છે.

# LONG JUMP- GOLD

ભારતના મુરલી શ્રીશંકરે કઝાકિસ્તાનમાં કોસાનોવે મેમોરિયલ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની પુરુષોની લાંબી કૂદ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. શ્રીશંકરે 7.94 મીટરનો કૂદકો લગાવીને આ ચંદ્રક જીત્યો હતો. ફિલિપાઇન્સના જાન્રી ઉબાસે રજત અને અઝરબૈજાનના નાઝીમ બાબીવે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# WRESTLING

ગ્રીસમાં, અંડર-17 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં, ભારતીય કુસ્તીબાજ લૈકીએ પુરુષોની 110 કિલોગ્રામ ફ્રીસ્ટાઇલ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. આ દરમિયાન, અન્ય એક ભારતીય કુસ્તીબાજ સિતેન્દરે પુરુષોની 60 કિગ્રા ફ્રીસ્ટાઇલની ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે.

# CRICKET-IND-ENG-TEST

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડ આજે લંડનના ઓવલ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટના ચોથા દિવસે ભારત સામે પોતાનો બીજો દાવ ફરી શરૂ કરશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. ભારતે આપેલા 374 રનના લક્ષ્યનો પીછો કરતા, ઇંગ્લેન્ડે ગઈકાલે ત્રીજા દિવસના અંતે એક વિકેટે 50 રન બનાવ્યા હતા.

# IMD-RAINFALL- HIMACHAL-WEATHER

હવામાન વિભાગે આજે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. તમિલનાડુ, કેરળ અને બિહારમાં આજે અતિ ભારે વરસાદની આગાહી કરાઇ છે.

ઉપરાંત ઝારખંડ, મધ્યપ્રદેશ, ઉત્તરપૂર્વીય રાજસ્થાન, ઉત્તરાખંડ, પૂર્વીય ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદની સંભાવના છે.

દરમ્યાન હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. સતત વરસાદને કારણે ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત રાજ્યના 400થી વધુ રસ્તાઓ બંધ કરાયા છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના તમામ અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઈનમાં લીધા છે....

2) ગુજરાત સમાચારનું મુખ્ય શિર્ષક છે અમેરિકામા ટ્રમ્પના શાસનમાં અર્થતંત્ર ડામાડોળ....

3) સંદેશ અખબારે લખ્યુ છે ભારત ઝડપથી ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનશે- મોદી....

4) સંકલ્પ કરો કે ઘરે સ્વદેશી વસ્તુઓ જ લાવીશું- મોદી આ સમાચારને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાના પર સ્થાન આપ્યુ છે...

5) ફુલછાબની હેડલાઈન છે પરમાણુ હુમલાની ધમકી પર ઉતર્યા અમેરિકા- રશિયા...

6) આ સાથે જ તમામ અખબારોમાં વાંચવા મળતા સ્થાનિક સમાચારો જેવા કે... 1500 કરોડનું કૌભાંડ, ભાવનગરમાં ઈડીની તપાસ....પિરોટન ટાપુનો ઈકો ટૂરીઝમ માટે વિકાસ કરાશે....પ્રીપ્રાઈમરીમાં 3 વર્ષથી નાના બાળકનો પ્રવેશ નહીં, વયનો પુરાવો જરૂરી નથી....દિલ્હીમાં cm-pm વચ્ચે સવા કલાક ગુફતેગુ, 15 ઓગસ્ટથી સવાઈ જાહેરાતોની શક્યતા...ગુજરાતના 1.20 લાખ રત્નકલાકારો સંતાનોની સ્કુલ ફી ભરી શકે તેમ નથી...રાજ્યમાં 7 દિવસ છુટાછવાયા મેઘમહેરની શક્યતા છેલ્લા બે મહિનામાં 27 ટકાથી વધુ વરસાદ ખાબક્યો... સમાજ વિરોધી તત્વો અને ગુનેગારોને પોલીસનો ડર રહેવો જ જોઈએ-ભૂપેન્દ્ર પટેલ..વેસ્ટ ઝોન ટીમમાં ગુજરાતના આર્ય દેસાઈ, જયમિત , મનન અને અરઝાનની પસંદગી...